ક્રમાંક: મઉમશબ/શાનિ/૧૨૧૯૯/૧૩૮૪
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેકટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૧૨/૦૧/૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ
ગુજરાત રાજય.

વિષય:- શાળાઓનો સમય નક્કી કરવા બાબત.
સંદર્ભ:- ૧) અત્રેની કચેરીના તા.૨૬/૦૪/૨૦૦૦ ના પત્ર ક્રમાંક:-મઉમશબ/ગ/ટે.૬/૩૬૪૦-૩૭૨૦
૨) ગુજરાત રાજય આચાર્ય સંઘના તા.૦૪/૦૮/૨૦૨૨ના પત્ર અન્વયે

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે ઉકત બાબતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ના વિનિયમ ક્રમાંક ૧૭(૪)ની જોગવાઇઓને ધ્યાને લેવા વિનંતી છે. ઉકત જોગવાઇ નીચે મુજબ છે

"રજીસ્ટર થયેલી શાળા સામાન્ય રીતે છ કલાક ચાલશે અને લાંબી ટૂંકી રીસેસની યોગ્ય જોગવાઇ કરીને, અઠવાડિયામાં પાંચ દિવસ સુધી દરરોજ આશરે પાંચ કલાક શિક્ષણ અપાશે અને અઠવાડિયામાં એક દિવસ, આવી શાળા રીસેસની યોગ્ય જોગવાઇ કરીને બેથી ત્રણ કલાક ચાલશે, પણ તે એવી રીતે કે અઠવાડિયામાં બધુ મળીને સત્તાવીશ કલાક સુધી શિક્ષણ આપવામાં આવશે."

ઉકત બાબતની જાણ આપના તાબા હેઠળની નોંધાયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને કરવા જણાવવામાં આવે છે.

(એન. જી. વ્યાસ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

<u>નકલ રવાના :-</u>
ગુજરાત રાજય આચાર્ય સંઘ
સારસ્વત ભવન, અભિષેક બિલ્ડીંગ
'ચ' રોડ, સેકટર-૧૧

જા.નં/પરીપત્ર/૨૦૨૨/૭૫૦૮
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
ખેડા જિલ્લો, નડિયાદ.
તા. ૬/૭/૨૦૨૨

નકલ રવાના ઉકત પત્ર મુજબ જાણ તેમજ અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
ખેડા જિલ્લો,નડિયાદ

પ્રતિ,
આચાર્ય શ્રી,
સરકારી,ગ્રાન્ટેડ,નોન ગ્રાન્ટેડ મા. અને ઉ.મા.શાળાઓ, તમામ
જિ.ખેડા.
- સંબંધિત બીટ નિરીક્ષકશ્રી, સંબધિત બીટ ,જિ.ખેડા.